# મનોરંજક સિનેમાનું ઓક્સિજનઃ થ્રિલ, રોમાંચ કે મસાલો?

સંગત સિતારોં કી

★ સંજય છેલ

પડદા પર હીરો સડક પર ભાગી રહ્યો છે. એની પાછળ વિલન ગન લઈને દોડી રહ્યો છે. ગમે ત્યારે વિલન ગનની ટ્રિગર દબાવશે અને હીરો મરી જશે. એક ખતરનાક ચેઝ શરૂ થાય છે. હીરો આગળ, વિલન એની પાછળ... શહેરના ટ્રાફિકમાં દોડતાં દોડતાં હીરો જીવ બચાવવા હવાતિયાં મારે છે. રોડ ક્રોસ કરતી વખતે અચાનક એને એક બસ દેખાય છે. તરત એ બસ પર ચઢી જાય છે. થિયેટરમાં પ્રેક્ષકોને હાશકારો થાય છે કે હાશ!



હીરો બચી ગયો... બસમાં ચઢીને. વિલન પાછળ રહી ગયો. બસમાં ચઢીને હીરો શ્વાસ ખાઈને એક સીટ પર બેસે છે અને સામેની સીટ પર વિલન હસતાં હસતાં ગન તાકે છે. હીરોના મોતિયા મરી જાય છે. પ્રેક્ષકોનાં જડબાં ઉઘાડાં રહી જાય છે.

આ છે સિનેમાની થ્રિલ. કે હવે અંદર અચાનક હીરો બચી જશે? બંને વચ્ચે ફાઈટ થશે? સત્યનો વિજય થશે કે પરાજય? અને સૌથી મોટી વાત એ છે કે ફિલ્મની સ્ટોરી એટલી પૂરપાટ દોડતી હોય છે કે લોકો પાસે એ વિચારવા માટે સમય જ નથી મળતો કે વિલન જો હીરોની પાછળ હતો તો પછી એ હીરોની પહેલાં અંદર આવ્યો કઈ રીતે? જો આ જ વાત કિતાબમાં-નોવેલમાં લખી હોત તો વાચક કિતાબને બંધ કરી, બે મિનિટ વિચારત અને લેખકની બુદ્ધિની, બેવકૂફીને ગાળો આપીને વાંચવાનું બંધ કરત પણ ફિલ્મમાં એ માફ છે, કારણ કે સિનેમા ભાગતી કથાશૈલી છે. ફિલ્મને 'મૂવી' કહેવાય છે, કારણ કે એમાં દૃશ્યો, પાત્રો, ઘટના બધું જ ફાસ્ટ સ્પીડમાં ભાગે છે. 'મૂવ' થાય છે. જો વાર્તા આગળ 'મૂવ'ન થાય, આગળ દોડે નહીં તો લોકો કંટાળી જાય.

લોકપ્રિય સિનેમામાં આ થ્રિલ, ઓક્સિજનનું કામ કરે છે. એ થ્રિલ કોઈ પણ પ્રકારની હોઈ શકે છે, કપડાં બદલતી હીરોઈનના પગ પાસે સરકતો ગાઉન હોય કે છાપરાં પરથી છલાંગમાર ક્લાઉન હોય. થ્રિલ મળવી જોઈએ જનતાને! કિતાબ માણસ એકલો વાંચે છે, સિનેમા સૌની સાથે જુએ છે. અંધારામાં સૌની સાથે એક આખો માહોલ ઊભો થાય છે. ૫૦૦થી ૧૦૦૦ માણસોના એકસાથે હસવાના રડવાના ઉશ્કેરાવાના, ડરવાના અવાજો, તાળીઓ, હાયકારાઓ... બધું જ સામૂહિક અનુભવ છે ને એટલે જ એમાં થ્રિલ છે.

૧૯૭૫માં દેશમાં ગરીબી-ભ્રષ્ટાચારના સમયમાં અમિતાભ બચ્ચન જ્યારે પૈસાવાળા વિલનને પોતાની લાંબી ટાંગથી દ્વારા લાત મારતો ત્યારે દબાયેલ કચડાયેલ ભારતની પ્રજાને થ્રિલ મળતી. સામાજિક આક્રોશને અમિતાભના 'એંગ્રીર યંગ મેન'વડે મુક્તિ મળતી. 'અર્ધસત્ય'માં ઈમાનદાર ઈન્સ્પેક્ટર વેલણકર (ઓમ પુરી) લોકલ ગુંડા રામા શેટ્ટીને (સદાશિવ અમરાપુરકરને) જ્યારે અંતમાં અભદ્ર ભાષામાં ગાળો આપીને ગળું દબાવીને મારી નાખે છે ત્યારે પ્રેક્ષકોની રગરગમાં જે અન્યાયબોધની થ્રિલ મળે છે. 'અમર અકબર એંથની'માં ત્રણ અલગ અલગ ધર્મમાં ઊછરેલા હીરો અમર-અકબર-એંથની એક સાથે એક જ સ્થળે એક જ નળી વડે એમની વિખૂટી પડેલી આંધળી મા (નિરુપા રોયને) લોહી આપે છે, ત્યારે જનતાને ઈમોશનલ થ્રિલ મળે છે. મમતા અને પ્રેમના ખેંચાણના ભાવાવેશમાં રડતી આંખે પ્રેક્ષકો 'વાહ' કહી બેસે છે. હવે મેડિકલી જોઈએ તો ત્રણ જણા એક જ નળી વડે એક પેશન્ટ્સને એક જ સમયે લોહી આપી જ ન શકે, પણ સિનેમામાં એ શક્ય છે, કારણ કે એ ક્ષણ રોમાંચક છે. પુષ્પા ૧-૨ કે એનિમલ જેવી શોકિંગ ફિલ્મમાં લોકોને નવી જ થ્રિલ મળે છે. વિવેચકો અને બુદ્ધિજીવીઓને

**વિવેચકો અને બુદ્ધિજીવીઓને સમજાતું નથી થિએટરમાં લોકો લોજિકનાં સવાલો પૂછવા નહીં પણ પોતાના જીવનના સવાલો ભૂલવા આવ્યા હોય છે એટલે તેઓ હાલતી-ચાલતી, નાચતી, ઝૂમતી, બોલતી, ડોલતી પરીકથા જોવાનો આનંદ લે છે**

સમજાતું નથી થિએટરમાં લોકો લોજિકનાં સવાલો પૂછવા નહીં પણ પોતાના જીવનના સવાલો ભૂલવા આવ્યા હોય છે એટલે તેઓ હાલતી-ચાલતી, નાચતી, ઝૂમતી, બોલતી, ડોલતી પરીકથા જોવાનો આનંદ લે છે.

મનમોહન દેસાઈ, વિજય આનંદ, રાજ કપૂર કે આજના ડેવિડ ધવન, અબ્બાસ મુસ્તાન, રોહિત શેટ્ટી કે કરણ જોહર જેવા ભારતીય દિગ્દર્શકોને ખબર હતી કે છે કે પ્રેક્ષકોની કઈ નસ ક્યાં છે અને એટલે જ તેઓ જાતજાતની થ્રિલ ઊભી કરી શકતા અને એટલે જ એમની ફિલ્મો કાશ્મીરથી કન્યાકુમારી સુધી સફળ થતી. ઝરણામાં નહાતી પારદર્શક કપડાંવાળી મંદાકિનીનું ફિગર હોય કે સની લિયોની કે તમન્ના ભાટિયાની દૂધમલ માદકતા હોય કે સાંઈબાબાની મૂર્તિમાંથી જ્યોત નીકળીને અંધ સ્ત્રીની આંખોની જ્યોત ઉજાગર કરતી ક્ષણો હોય. 'લગાન' જેવી ફિલ્મમાં આખું થિયેટર સ્ટેડિયમમાં ફેરવાઈ જાય, કારણ કે ગરીબ કિસાનના અંતિમ બોલમાં થતી જીતમાં ભારતના આમઆદમીને ૨૫૦ વર્ષની ગુલામીનો જવાબ દેખાય છે. થ્રિલ, દરેક દાયકામાં બદલાય છે...એક જમાનામાં હીરો-હીરોઈન ચુંબન કરતો ને કેમેરા સામે ફૂલ આવી જતું એમાં પ્રેક્ષકોને થ્રિલ આવતી પણ હવે તસતસતા ચુંબન કે બેડરૂમનાં નગ્ન દૃશ્યો, એનિમલ કે ધુરંધર ફિલ્મો જેવી બેકાબૂ હિંસા, બાહુબલી કે પદ્માવત્ જેવી ભવ્યતા હવે નવાઈ નથી રહ્યા. મૂલ્યો ને માર્કેટ બદલાય છે. હવે કહેવાતા મોડર્ન કે વોક સિનેમામાં હીરો-હીરોઈન બિનધાસ્ત ગંદી ગાળો બોલે છે. ખુલ્લેઆમ સેક્સની વાતો કરે છે, હવે એમાં પ્રેક્ષકોને 'રોમાંચ' મળે છે. રોમાંચનુંયે ફેશન જેવું છે. એનું ચક્ર બદલાયા કરે છે.

વરસોથી જાણીએ છીએ કે વિદેશી ફિલ્મોની એક્શન કે સ્પે.ઈફેક્ટની થ્રિલ અવર્ણનીય હોય છે. ત્રીજા વિશ્વના દેશોના પ્રેક્ષકો મોં ફાડીને ટાઈટેનિક, ઈ.ટી, એવેટાર કે ૩૦૦ કે ૨૦૧૨ કે મેટ્રિક્સ જેવી ફિલ્મોની સ્પે. ઈફેક્ટ જોયા કરે છે. જેમાં 'રોલર-કોસ્ટર રાઈડ' જેવી થ્રિલ મળે છે, પણ એ સ્પે. ઈફેક્ટો પાછળ જે ખર્ચો થાય છે, એમાં સોમાલિયા જેવા દેશનો એક વર્ષનો ખર્ચ નીકળી શકે! એવી કરામતો માટે જ્યોર્જ લુકાસ કે જેમ્સ કેમરૂન વર્ષોનાં વર્ષ કાઢી નાખે છે. જે હવે એ.આઈ.- આર્ટિફિશિયલ ઈંટેલેજંસ વડે તરત બની શકશે..પણ ભારતીય સિનેમાને ખબર નહીં વર્ષો લાગશે.

સ્ટીવન સ્પીલબર્ગ કહે છે મારી અંદર એ ૧૨ વર્ષનું બાળક છે જે મને રોમાંચક ફિલ્મો બનાવવા મજબૂર કરે છે કારણ કે સિનેમા પોતે જ એક થ્રિલ.

# સ્માર્ટ કેમ્પસમાં સોશિયલ મીડિયા અને કોસ્મેટિક્સના ઝેર સામે કેરલમનો જંગ !

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

સોશિયલ મીડિયા ડ્રિવન યુગમાં શાળાઓનો ક્લાસરૂમ માત્ર અ ક્ષ ર જ્ઞા ન મેળવવાનું કેન્દ્ર નથી રહ્યો, પરંતુ તે બજારવાદના અતિરેકનું નવું મેદાન બની ગયો છે. કેરળની શાળાઓમાં તાજેતરમાં ચાઈલ્ડ વેલ્ફેર કમિટી દ્વારા શરૂ કરવામાં આવેલું 'લિપસ્ટિક ફ્રી કેમ્પસ' અભિયાન આ કડવી વાસ્તવિકતાને ઉજાગર કરે છે. શાળાના વહીવટી તંત્ર દ્વારા એવા અહેવાલો બહાર આવ્યા છે કે માત્ર ૧૦ થી ૧૫ વર્ષની સગીરાઓ શાળાઓના બ્રેક ટાઈમ દરમિયાન ક્લાસરૂમ અથવા વોશરૂમમાં મોટા પાયે લિપસ્ટિક, આઈલાઈનર, આઈશેડો, બ્લશ અને ફેસ ક્રીમ જેવા કોસ્મેટિક્સ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરી રહી છે.



**શાળાના બાળકોમાં એક પ્રકારની ક્ષીણ માનસિકતા ઘર કરી રહી છે જેને મનોવિજ્ઞાનની ભાષામાં 'બોડી ડિસ્મોર્ફિક ડિસઓર્ડર'ની શરૂઆત કહી શકાય. બાળકોને એવું લાગવા માંડ્યું છે કે મેકઅપ વગર તેમનો અસલી ચહેરો સુંદર કે સ્વીકાર્ય નથી**

શાળાના દફતરોમાંથી ગણિત અને વિજ્ઞાનની ચોપડીઓની વચ્ચેથી સસ્તી લિપસ્ટિકો મળી આવવી, એ કોઈ ફેશન પ્રત્યેનો સામાન્ય આકર્ષણ નથી, પરંતુ આ એક એવી 'મનોવૈજ્ઞાનિક અને તબીબી કટોકટી' છે, જેના પ્રત્યે વાલીઓ, શિક્ષકો અને વહીવટીતંત્રે તાત્કાલિક જાગૃત થવાની જરૂર છે. કેરળ સરકાર અને પ્રાદેશિક સંસ્થાઓનું આ કડક પગલું એ ગંભીર શારીરિક રોગો અને માનસિક બીમારીઓ સામે લીધેલો મજબૂત પ્રતિબંધાત્મક નિર્ણય છે. કોલ્લમ અને તેની આસપાસની સરકારી તેમજ ખાનગી શાળાઓની બહાર આવેલી સ્થાનિક દુકાનોમાં ૨૦ થી ૫૦ની વચ્ચે 'હાયપર-ચીપ' (અત્યંત સસ્તી) લિપસ્ટિક્સ અને મેકઅપ કિટ્સ વેચાઈ રહી છે. બાળકો માટે આ પ્રોડક્ટ્સ પેન અને નોટબુક ખરીદવા જેટલી જ સરળ અને સસ્તી છે. પરંતુ જે વસ્તુને બાળકો એક નિર્દોષ ફેશન અથવા પિયર પ્રેશર હેઠળ અપનાવી રહ્યા છે, તે વાસ્તવમાં ઔદ્યોગિક કેમિકલ્સ અને ભારે ધાતુઓનું જીવલેણ મિશ્રણ છે. શાળાઓની આસપાસ આવા બિનઆરોગ્યપ્રદ ઉત્પાદનોનું વેચાણ એ ભારતના કન્ઝ્યુમર પ્રોટેક્શન લોની નબળાઈ પણ દર્શાવે છે.

તિરુવનંતપુરમના રીઝનલ કેન્સર સેન્ટર અને કેરળના આરોગ્ય વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા અભ્યાસ અહેવાલો અત્યંત ભયાનક ચિત્ર રજૂ કરે છે. આ અહેવાલો અનુસાર, કેરળના કોલ્લમ, એર્નાકુલમ અને કોઝિકોડ જેવા જિલ્લાઓમાં બાળકોમાં ઈન્ટેસ્ટાઈનલ કેન્સર (આંતરડાનું કેન્સર)ના કેસોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. તબીબી નિષ્ણાતો આ ટ્રેન્ડ પાછળ બાળકો દ્વારા નાની ઉંમરે કરવામાં આવતા કેમિકલયુક્ત કોસ્મેટિક્સના વપરાશને મુખ્ય કારણ માની રહ્યા છે. કોસ્મેટિક્સ પ્રોડક્ટ્સમાં રહેલા ઘાતક તત્વોની શારીરિક અસરો દરેક માતા-પિતાએ સમજવા જેવી છે. પહેલું છે, મર્ક્યુરી (પારો) અને કેડમિયમ. લિપસ્ટિક અને આઈલાઈનરને લાંબો સમય ટકાવી રાખવા અથવા ચમક આપવા માટે વપરાતી આ ભારે ધાતુઓ સીધી રીતે સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ (મગજ) અને કિડનીને નુકસાન પહોંચાડે છે. તેમાં ભળતું બીજું તત્ત્વ છે લેડ (સીસું). લિપસ્ટિક લગાવતી વખતે અથવા ખાવા-પીવા દરમિયાન તે હોઠ વાટે પેટમાં જાય છે. લોહીમાં લેડનું પ્રમાણ વધવાથી એનિમિયા (લોહીની ઊણપ) અને બાળકોમાં લર્નિંગ ડિસેબિલિટી (ભણવામાં નબળાઈ) જેવી ન્યુરો-ડેવલપમેન્ટલ વિકૃતિઓ થાય છે.

આ ઉપરાંત, પુખ્ત વયના લોકોની સરખામણીમાં ૧૦ થી ૧૨ વર્ષના બાળકોની ત્વચા અત્યંત પાતળી અને સંવેદનશીલ હોય છે. આના કારણે કેમિકલ્સ ખૂબ જ ઝડપથી લોહીના પ્રવાહમાં ભળી જાય છે, જેનાથી ગંભીર એલર્જી, હોર્મોનલ અસંતુલન અને પ્રજનન સંબંધી તકલીફો ઊભી થાય છે.

હેલ્થકેર પ્રોફેશનલ્સ અને સાઈકિયાટ્રિસ્ટ્સના મતે, આ સમસ્યા જેટલી શારીરિક છે, તેનાથી બમણી માનસિક છે. ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને સ્નેપચેટના યુગમાં મોટી થતી આ પેઢી સેલિબ્રિટીઝ અને ઈન્ફ્લુએન્સર્સના 'પરફેક્ટ લુક'ના ગ્લેમરથી પ્રભાવિત છે. શાળાના બાળકોમાં એક પ્રકારની ક્ષીણ માનસિકતા ઘર કરી રહી છે જેને મનોવિજ્ઞાનની ભાષામાં 'બોડી ડિસ્મોર્ફિક ડિસઓર્ડર'ની શરૂઆત કહી શકાય. બાળકોને એવું લાગવા માંડ્યું છે કે મેકઅપ વગર તેમનો અસલી ચહેરો સુંદર કે સ્વીકાર્ય નથી. આ ટ્રેન્ડ બાળપણની કુદરતી માસૂમિયતને છીનવી લે છે. શાળાના શિક્ષકોના જણાવ્યા મુજબ, કેટલીક વિદ્યાર્થિનીઓમાં લિપસ્ટિક અને કાજલનો ક્રેઝ હવે એક ગંભીર વ્યસનનું રૂપ લઈ ચૂક્યો છે, અને તેના વિના તેઓ વર્ગખંડમાં લઘુતાગ્રંથિ અનુભવે છે, જે તેમના આત્મવિશ્વાસ અને એકાગ્રતાને તોડી પાડે છે.

હું આ ઘટનાક્રમને ન્યૂઝરૂમ અને વહીવટી વ્યુહરચનાના લેન્સથી જોઉં છું, ત્યારે મને આમાં ત્રણ સ્તરના ગંભીર પડકારો અને ઉકેલો દેખાય છે. પહેલો - શૈક્ષણિક સંસ્થાઓની બેધારી તલવારઃ જ્યારે શાળાઓમાં લિપસ્ટિક કે મેકઅપ પર પ્રતિબંધ મૂકવામાં આવે છે, ત્યારે વહીવટીતંત્રે અત્યંત સંવેદનશીલ રહેવું પડશે. જો શિક્ષકો વિદ્યાર્થીઓની બેગમાંથી લિપસ્ટિક કાઢીને તેમને ક્લાસની સામે વઢશે કે અપમાનિત કરશે, તો તેનાથી ઉકેલ આવવાને બદલે બાળકો વધુ બળવાખોર બનશે અથવા ડિપ્રેશનમાં સરી પડશે. શાળાઓમાં સજાને બદલે વૈજ્ઞાનિક કાઉન્સેલિંગનો આશરો લેવો જોઈએ. કેરળની સીડબ્લ્યૂસીએ જે 'અવેરનેસ ક્લાસ'નું મોડેલ અપનાવ્યું છે તે સાચો રસ્તો છે. બાળકોને એ સમજાવવું પડશે કે આ લડાઈ તેમની 'ફ્રીડમ' સામે નથી, પરંતુ તેમના સ્વાસ્થ્યની રક્ષા માટે છે.બીજો - વાલીઓની ડિજિટલ બેદરકારીઃ આજના સમયમાં ન્યૂઝરૂમમાં આવતા અહેવાલો બતાવે છે કે વાલીઓ પોતાના કામમાં વ્યસ્ત હોવાને કારણે બાળકોના હાથમાં સ્માર્ટફોન આપી દે છે. અલ્ગોરિધમ બાળકોને સ્ક્રીન પર બ્યુટી પ્રોડક્ટ્સ, ગ્લેમર અને અવાસ્તવિક લાઈફસ્ટાઈલની જાળમાં ધકેલે છે. વાલીઓ જ્યાં સુધી પોતાના બાળકોના સોશિયલ મીડિયા વપરાશ અને તેમની બદલાતી આદતો પર નજર નહીં રાખે, ત્યાં સુધી માત્ર શાળાના નિયમોથી આ ટ્રેન્ડ અટકશે નહીં. કેરળ સરકારે આ અભિયાનમાં 'કુદુમ્બશ્રી' અને સ્થાનિક રેસિડેન્ટ્સ એસોસિએશનને જોડીને વાલીઓને જાગૃત કરવાનું જે પગલું લીધું છે, તે સમગ્ર દેશના રાજ્યો માટે રોલ મોડેલ છે.

અને ત્રીજો - કોર્પોરેટ કલ્ચર અને 'કિડફ્લુએન્સર્સ' પર કાનૂની લગામની જરૂરિયાતઃ બિઝનેસ અને કોર્પોરેટ ન્યૂઝનું વિશ્લેષણ કરીએ તો સમજાય છે કે મોટી બ્યુરો બ્રાન્ડ્સ હવે 'કિડ્સ કોસ્મેટિક્સ'ના નામે મોટું બજાર ઊભું કરી રહી છે. ઈન્સ્ટાગ્રામ પર નાની ઉંમરના બાળકો 'મેકઅપ ટ્યુટોરિયલ્સ'ના વીડિયો બનાવે છે અને લાખો વ્યુઝ મેળવે છે. ગ્રાહક મંત્રાલય અને ચાઈલ્ડ રાઈટ્સ કમિશને આવી કોર્પોરેટ બ્રાન્ડ્સ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ માટે કડક કાયદા બનાવવા પડશે, જે સગીરોને ટાર્ગેટ કરતી એડવર્ટાઈઝમેન્ટ પર પ્રતિબંધ મૂકે.

આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ફિલ્ટર્સે વાસ્તવિકતા અને આભાસ વચ્ચેની દીવાલ ભૂંસી નાખી છે. ક્લાસરૂમમાં ભણતી દીકરીઓ જો નાની ઉંમરે પોતાની કુદરતી ત્વચા, શારીરિક રંગ કે દેખાવને લઈને અસુરક્ષિત અનુભવતી હોય, તો આપણી શૈક્ષણિક પ્રણાલીમાં ક્યાંક મોટી ખામી છે. શાળાઓએ માત્ર 'લિપસ્ટિક ફ્રી કેમ્પસ'ની જાહેરાત કરીને અટકી જવાનું નથી, પરંતુ ક્લાસરૂમની અંદર ગર્લ ચાઈલ્ડના સશક્તિકરણ, આત્મગૌરવ અને આત્મવિશ્વાસને વધારવા માટે પર્સનાલિટી ડેવલપમેન્ટના વર્ગો શરૂ કરવા પડશે. સ્પોર્ટ્સ, આર્ટસ, વિજ્ઞાન અને અકાદમિક સિદ્ધિઓ દ્વારા બાળકો પોતાની ઓળખ ઉભી કરે તેવું વાતાવરણ પૂરું પાડવું પડશે, જેથી તેમને પોતાના ચહેરાને કેમિકલના મુખવટા પાછળ છુપાવવાની જરૂર જ ન પડે. કેરળની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી દ્વારા લેવાયેલો આ પ્રશંસનીય અને સાહસિક નિર્ણય છે. આ અહેવાલ માત્ર કેરળ પૂરતો મર્યાદિત નથી, ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી જેવા શહેરીકૃત રાજ્યોમાં પણ આ જ ટ્રેન્ડ અંદરખાને વ્યાપી ચૂક્યો છે. જો આજે આ સામાજિક કટોકટી સામે પગલાં લેવામાં નહીં આવે, તો આવનારી પેઢી શારીરિક રીતે ગંભીર કેન્સર અને માનસિક રીતે ગંભીર અવસાદ (ડિપ્રેશન)નો ભોગ બનશે. દરેક શાળાના કેમ્પસને કોસ્મેટિક્સ-ફ્રી અને કેમિકલ-ફ્રી બનાવવું એ સમયની માગ છે. આ લડાઈ લિપસ્ટિકના રંગ સામે નથી, પરંતુ માસૂમ બાળકોના ભવિષ્યને બજારવાદના અંધકારમાંથી બચાવીને લોકશાહી અને તંદુરસ્ત વાતાવરણ તરફ દોરી જવાની છે.



# બી પોઝિટિવ, પણ ક્યાં સુધી

આંખની અટારી

★ હેમુ ભીખુ

બધું બરાબર છે, બધું યોગ્ય છે, બધું યથા સ્થાને છે તેમ સમજીને જીવન વ્યવહાર કરવો જોઈએ; પરંતુ ક્યાંક અટકવું જરૂરી છે. 'બી પોઝિટિવ' અભિગમ સારો છે પરંતુ પ્રશ્ન એ રહે છે કે ક્યાં સુધી પોઝિટિવ રહેવું જોઈએ. સીમા નિર્ધારણ આવશ્યક છે. એમ માનવામાં આવે છે કે 'બી પોઝિટિવ'- સકારાત્મક અભિગમ - આંખો બંધ રાખીને, કેટલીક અયોગ્ય અને તકલીફજનક વાસ્તવિકતાની અવગણના કરીને, બધું જ યોગ્ય છે - બધું જ બરાબર છે એમ માની લેવું. આ એક જોખમ છે, કળિયુગમાં તો ખાસ. પરિસ્થિતિ ગમે તે હોય, સમજદારી, પરિપક્વતા, તટસ્થ મૂલ્યાંકન, સંતુલિત વિચારપ્રક્રિયા અને ભવિષ્ય માટેની સંભાવનાની વાસ્તવિક સમજ આવશ્યક છે. સકારાત્મક અભિગમ સાથે કુવામાં ન પડાય અને કૂવામાં પડ્યા હોઈએ તો સકારાત્મક અભિગમથી તેને સુ-ક્રિયા ન કહેવાય. વાસ્તવિકતાનો યથાર્થ સ્વરૂપે સ્વીકાર જરૂરી છે, પરંતુ તેનો મતલબ એ નહીં કે હાર સ્વીકારાઈ છે. સકારાત્મક અભિગમ આગળ જતા સફળતા આપે કે ન આપે, તેનાંથી શાંતિ તો સ્થાપિત થાય છે જ.

કોઈપણ પ્રકારના દબાણ કે ખેંચાણની પરિસ્થિતિ સમજવી પડે, ભાવના ઉપર નિયંત્રણ રાખવું પડે, તટસ્થતાથી તર્કબદ્ધ રીતે વિચારવું પડે, વ્યક્તિગત ક્ષમતા અનુસાર આગળની સંભાવનાઓ વિશે માહિતીસભર તેમજ સજાગ રહેવું પડે, પ્રવર્તમાન પ્રવાહની દિશા અને તેનાં વેગને સમજવો પડે અને તે બધાં સાથે વિવેક અને સંયમ પણ જરૂરી છે. આ બધી બાબતોના પરિપ્રેક્ષ્યમાં જો સકારાત્મક અભિગમ અપનાવવામાં આવે તો ફાયદો તો છે જ. મન શાંત રહી શકે અને ઊંઘ સારી આવે જેથી ઉર્જા અનુભવાય, મન સ્થિર થવાથી વધુ સુનિયોજિત સ્વરૂપે વિકાસ એટલે કે પ્રગતિ સાધી શકાય અને સારાં ભવિષ્ય માટેની આશા બંધાય. સકારાત્મક ભાવથી સહયોગ અને સહકાર પણ વધી શકે અને સમગ્રતામાં આત્મવિશ્વાસ વધે.

પરંતુ સકારાત્મક અભિગમથી વાસ્તવિકતાથી મોં ફેરવી લેવું યોગ્ય નથી. જો વાસ્તવિક નડતરની અવગણના થતી હોય, દુઃખને દબાવી નજરઅંદાજ કરાતું હોય, નૈતિકતાને ઠેસ પહોંચતી હોય, આંતરિક અસ્તિત્વ તૂટી જતું હોય, સમાજમાં નકારાત્મક દ્રષ્ટિકોણ સ્થાપિત થતો હોય, વ્યર્થ આશા બંધાતી હોય, આગળ જતાં પણ નિષ્ફળતાની જ સંભાવના હોય, બિનજરૂરી હેરાનગતિ થતી હોય, અયોગ્ય રીતે શોષણ કે અપમાન માન્ય રાખવું પડતું હોય, ભાવનાત્મક હેરાનગતિ થતી હોય, અત્યાર સુધીનાં તંદુરસ્ત સંબંધોને હાનિ પહોંચવાની સંભાવના હોય, નકલી આત્મવિશ્વાસ સ્થાપિત થતો હોય, 'સમજ' જ્યાં નબળાઈ ગણાતી હોય, પરિસ્થિતિની ગંભીરતાથી વિમુક્ત થવાતું હોય અને સાચો તેમજ યોગ્ય ઉકેલ ધ્યાન બહાર રહી જતો હોય તો તે પ્રકારનો સકારાત્મક અભિગમ નકારાત્મકતા કરતાં પણ વધુ જોખમી ગણાય. જેમ કોઈપણ વ્યક્તિ હંમેશાં ખુશ ન રહી શકે તેમ સકારાત્મકતા પણ દરેક સંજોગોમાં શક્ય ન હોય. કોઈપણ પ્રકારની ખોટી ભ્રમણાથી જીવન વ્યતિત કરવું યોગ્ય નથી.

**જો સૃષ્ટિના સિદ્ધાંતો સમજમાં આવી જાય તો દુઃખની અનુભૂતિ પણ આનંદ આપી શકે. 'અધિકાર કર્મમાં છે, કર્મફળમાં નહીં', સકારાત્મક અભિગમ માટે આવું ચિંતન, આવી સમજ, મદદરૂપ થઈ શકે**

પરિસ્થિતિને સ્વીકારી આગળ વધવાની તમન્ના હોવી જોઈએ, નકારાત્મક વાસ્તવિકતા સમજ્યા પછી પણ આશા ટકાવી રાખવી જોઈએ, ભાવનાઓને અન્યાય કર્યા વગર સંતુલન જાળવી રાખવું જોઈએ; અને આ બધું પૂરેપૂરી સભાનતા, સંવેદનશીલતા અને સકારાત્મકતા પૂર્ણ હોવું જોઈએ. સમસ્યાથી ભાગવાનું નથી તેમાં ઉકેલ ગોતવાનો છે. નાસીપાસ થવાનું નથી મેદાનમાં ડટી રહીને શક્ય તેટલાં સારાં ઉકેલ શોધવાનો પ્રયત્ન કરવાનો છે. અંદરનાં ગુસ્સા અને કડવાશને દૂર કરી નવા જ પ્રકારનો આત્મવિશ્વાસ સ્થાપિત કરવાનો છે. ક્ષમતાની સીમા ઓળખીને તેને પાર જવાનો પ્રયત્ન કરવાનો છે. દ્વેષના સ્થાને પ્રેમ અને કરુણાના માધ્યમથી સંવાદિતતા સ્થાપિત કરવાની છે. પરિસ્થિતિને ઈશ્વર કે નિયતિને ભરોસે ન મૂકી પુરુષાર્થ કરવાનો છે. કોઈપણ પ્રકારની ખોટી અને અયોગ્ય જવાબદારી લીધા વગર કે બિનજરૂરી કારણસર જવાબદારીનો વ્યાપ વધાર્યા વગર જે જરૂરી છે તે સિદ્ધ કરવા કૃતનિશ્ચયી થવાનું છે. પલાયનવાદનો ત્યાગ કરીએ હિંમતપૂર્વક અને સમાવેશીય વિચારધારાથી કાર્ય સંપન્ન કરવાનું છે. દરેક પરિસ્થિતિ પાસેથી શીખી, બોધપાઠ લઈ, સકારાત્મક અભિગમ જાળવી રાખવાનો છે. સકારાત્મક અભિગમથી નિષ્ફળતા 'શિક્ષક'બની શકે અને નકારાત્મક અભિગમથી તે જ નિષ્ફળતાએ જાણે જિંદગીનો અર્થ જ છીનવી લીધો હોય તેમ લાગે.

હારને સ્વીકારવાની પણ મજા છે. જો સૃષ્ટિના સિદ્ધાંતો સમજમાં આવી જાય તો દુઃખની અનુભૂતિ પણ આનંદ આપી શકે. 'અધિકાર કર્મમાં છે, કર્મફળમાં નહીં', સકારાત્મક અભિગમ માટે આવું ચિંતન, આવી સમજ, મદદરૂપ થઈ શકે. જો 'હું અને મારું'નો ડર નાશ પામે તો આપમેળે વ્યક્તિ સકારાત્મક બની જાય. એ સમજવાનું છે કે નિષ્ફળતા જે ચોક્કસ કારણોસર સ્થાપિત થઈ છે. તે કારણો પર કામ કરવાનું છે અને અંતે જે તે માત્રામાં જે તે પ્રકારની સફળતા પ્રાપ્ત કરવાની છે. જો આ સફળતા પ્રાપ્ત ન થાય તો પરિસ્થિતિ તથા વાસ્તવિકતાને વધુ ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયત્ન કરવાથી પણ સકારાત્મક અભિગમ પુનઃ સ્થાપિત થઈ શકે. હકીકત જોવાની છે, ભાવનાને નિયંત્રિત રાખવાની છે, વ્યવહારુ અભિગમ ધારણ કરવાનો છે, યોગ્ય યોજના તૈયાર કરી તે પ્રમાણે કાર્યરત થવાનું છે, સાતત્યપૂર્ણ પુરુષાર્થથી ઈચ્છિત લક્ષ્યની પ્રાપ્તિ માટે પૂરેપૂરો પ્રયત્ન કરવાનો છે. ક્યારેક એમ જણાય છે કે સકારાત્મકતા કરતાં વધુ જરૂરી છે સંતુલન. પરંતુ આ સંતુલન જ એક પ્રકારની સકારાત્મકતા છે. સંતુલિત મન યોગ્યતાના મૂલ્યાંકનમાં સરળતાથી સફળતા મેળવી શકે. પણ આ પ્રકારના સકારાત્મક અભિગમની પણ એક સીમા હોય, જો આ સીમાને ન્યાય આપવામાં ન આવે તો નકારાત્મકતા વધુ પ્રભાવી બનીને ઉભરે. જ્યારે સકારાત્મકતા નકારાત્મકતાનું કારણ બને ત્યારે સીમા સ્થાપિત થઈ છે તેમ કહેવાય.